# URBAN HEALTH SOCIETY

AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185

## મેડીકલ ઓફિસરની ૧૧ માસના કરાર પદ્ધતિથી ભરતી કરવા બાબત.

ધી અર્બન હેલ્થ સોસાયટી અમદાવાદ માટે નેશનલ હેલ્થ મિશન અંતર્ગત મેડીકલ ઓફિસરની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારે ભરવા અર્થે પ્રતિક્ષાયાદી બનાવવા માટે વોક ઈન ઈન્ટરવ્યુ ગોઠવાના થાય છે. મેડીકલ ઓફિસરે પોતાનાં શૈક્ષણીક લાયકાત તથા અનુભવનાં અસલ પ્રમાણપત્રો તથા પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે તેમના નામ, સરનામું, ઉંમર, શૈક્ષણિક લાયકાત તથા અનુભવ મી વિગત નીયત ફોર્મેટમાં સ્વઅક્ષરે ભરી અરજીપત્રક સાથે નીચે મુજબની વિગતે ઈન્ટરવ્યુમાં હાજર રહેવાનું રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | અનુભવ | ઉંમર | ઉચ્ચક માસિક વેતન |
|---|---|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસર | 1. ઈન્ડિયન મેડીકલ કાઉન્સિલ દવારા માન્ય કરેલ સંસ્થામાંથી એમ.બી.બી. એસ. પાસ કરેલું હોવું જોઈએ.<br>2. ફરજીયાત ઈન્ટર્નશિપ પૂરી કરેલ હોવી જોઈએ.<br>3. ગુજરાત મેડીકલ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન થયેલું હોવું જોઈએ. | સરકારી સંસ્થા/અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન/અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ માં કામગીરીનો અનુભવ ધરાવતા ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે. | મહતમ ૬૨ વર્ષ | રૂ. ૬૦,૦૦૦/- (ફિક્સ) |

**શરતો**

- પસંદ થયેલ ઉમેદવારોએ નિમણૂંક અગાઉ નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ સાથે કરાર કરવાનો રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે કોઇ હકક દાવો રહેશે નહી.
- ઉપરોકત જગ્યા માટે જે તે તબકકે કોઇપણ પ્રકારનું રાજકીય કે સંસ્થાકીય દબાણ કરવામાં આવશે તો તેઓની નિમણુક રદ કરવામાં આવશે.
- ઉમેદવારે ઈન્ટરવ્યુ માટે લાયકાતનાં અને અનુભવનાં પ્રમાણપત્રની ચકાસણી કરાવવા સ્વખર્ચે હાજર થવાનું રહેશે.
- અરજદારે અરજી ફોર્મ સાથે લાયકાત તથા અનુભવનાં તમામ પ્રમાણપત્રની પ્રમાણીત નકલ જોડવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ જોડેલ નહી હોય તો તેવી અરજી રદ્ ગણવામાં આવશે તેમજ અરજી ફોર્મ ભર્યા બાદ અરજીમાં દર્શાવેલ વિગતોના તથા અરજી સાથે જોડેલ પ્રમાણપત્રના અસલ પુરાવા રજૂ નહી કરે તો અત્રેની ઓફીસેથી લીધેલ નિર્ણય છેલ્લો ગણાશે. તે અંગે ઉમેદવારનો કોઇ હકક દાવો રહેશે નહી.
- ઉમેદવારનો અનુભવ અસલ પ્રમાણ પત્ર ચકાસણી વખતે અસલ અનુભવનાં પ્રમાણપત્રને આધારે ગણવામાં આવશે તેઓના નિમણૂંક ઓર્ડરને આધારે અનુભવ ગણાશે નહી.
- જે. ઉમેદવારનાં માર્કસ ગ્રેડમાં હોય તેવા ઉમેદવારે જે-તે યુનિર્વસીટીમાંથી ડીગ્રી મેળવી હોઇ તે યુનિર્વસીટીનું ગ્રેડને ટકાવારીમાં ફેરવવા અંગેનો પ્રમાણપત્ર રજૂ કરવાનો રહેશે. જો ઉમેદવાર આ અંગેનું પ્રમાણપત્ર રજુ ના કરે તો તે ઉમેદવાર ના લઘુતમ માર્ક્સ ગણાશે.

# URBAN HEALTH SOCIETY

AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185


- સ્ટેટ હેલ્થ સોસાયટી દ્વારા વખતો વખત મળતી સુચના મુજબ પગાર ધોરણમાં સુધારા વધારા કરવામાં અવશે.
- પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક અધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર થશે.
- આ જગ્યાની ભરતી પ્રકીયાનાં અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ખાતાના ઉચ્ચ અધિકારીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને ઉચ્ચ અધિકારી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
- ઉમેદવારની મેરીટ યાદી ઉમેદવારની આવેલ અરજીઓ ઉપરથી તૈયાર કરવામાં આવેલ હોવાંથી જો તેમાં કંઇ પણ ક્ષતી અથવા ખોટું કરેલ હોય તેવું જણાશે તો તે ઉમેદવારને મેરીટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે.
- સીલેક્ટ થયેલ ઉમેદવારની નિમણુંક ૧૧ માસ માટે રહેશે. કોન્ટ્રાકટ પૂર્ણ થતાં જો કર્મચારીની કામગીરી સંતોષકારક હશે તો ૧ દિવસનો બ્રેક આપી તેનો કોન્ટ્રાકટ રીન્યુ કરવામાં આવશે.
- સીલેક્ટ થયેલ ઉમેદવારે ધી અર્બન હેલ્થ સોસાયટીના વખતોવખત નક્કી થતા ધારાધોરણો પ્રમાણે કામગીરી કરવાની રહેશે.
- ઉમેદવારની નિમણુંક અંગે રાજય સરકાર અથવા કેન્દ્ર સરકાર દ્વારા સુધારો સુચવવામાં આવે તો તે મુજબ સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજૂરીથી તેમાં સુધારો કરવામાં આવશે.

- ઇન્ટરવ્યુની તારીખ :- ૧૮/૦૭/૨૦૨૩
- રજીસ્ટ્રેશનનો સમય :- સાવારે ૯:૩૦ થી ૧૦:૩૦
- ઇન્ટરવ્યુનો સમય :- સવારે – ૧૧:૦૦ થી શરુ
- ઇન્ટરવ્યુનું સ્થળ :- આરોગ્ય અધિકારીશ્રીની રૂમ, પ્રથમ માળ, આરોગ્ય ભવન,ગીતામંદિર બસ સ્ટોપ પાસે, ગીતામંદિર રોડ, અમદાવાદ.

મેમ્બર સેક્રેટરી
ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ